# श्री चारूपमण्डन पार्श्वनाथस्तुतिः ॥

- सं. स्व. आगमप्रभाकर मुनि पुण्यविजयजी

अहीं नीचे सात श्लोकोवाली एक स्तुति आपेली छे ते पाटण पासे आवेला गाम चारूपमां बिराजमान श्री पार्श्वनाथ भगवाननी छे. तेना कर्त्ता कोण छे ? तेनी माहिती जाणमां नथी, परंतु स्तुतिनां पद्यो उपरथी मालूम पडे छे के कोई विद्वान आचार्य भक्ते आ स्तुति करेली छे.

स्तुतिमां यमको आवेलां छे अने तेने लीधे ए एक भिन्न काव्यमय बनेली छे.

यमक नामनो एक अलंकार छे. आ अलंकार शब्दरूप छे. यमकनुं स्वरूप महाकवि वाग्भटे पोताना वाग्भटालंकारमां आ प्रमाणे आपेल छे

**"स्यात् पाद-पद-वर्णानामावृत्तिः संयुताऽयुता ।**
**यमकं भिन्नवाच्यानामादिमध्यान्तगोचरम् "** ॥ २२ ॥

(वाग्भटालंकार ४ परिच्छेद)

जे पद्यमां भिन्न भिन्न अर्थवाळा एवा समान अक्षरोवाळा पादोनी, पदोनी अने वर्णोनी वारंवार आवृत्ति देखाती होय तेनुं नाम यमक. आवृत्ति एटले फरी फरीने उच्चारण. आ संयुत आवृत्ति एवी होय छे के जेमां वच्चे बीजुं कोइ पद आवतुं होय अने आ अयुत आवृत्ति एवी पण होय छे के जेमां वच्चे बीजुं कोइ पद आवतुं होय, वळी आ यमक, आदिमां वच्चे अने अंते पण होय छे, क्यांय आदिमां यमक होय छे, क्यांय मध्यमां अने क्यांय अंतमां पण यमक होय छे. जेमां चारे पाद एक सरखां होय तेने चतुष्पद एवुं महायमक कहेवामां आवे छे.

आ स्तुतिमां शरूआतनां बे पद्योमां बीजुं अने चोथु पाद आखुंय यमकमां छे. त्रीजा अने चोथा पद्यमां प्रथम पाद अने तृतीय पाद यमकमां छे अने बीजुं अने चोथु पाद पण यमकमां छे. पांचमा पद्यमां प्रथम पाद अने चतुर्थ पाद यमकमां छे तथा बीजा पादमां अने त्रीजा पादमां अनुप्रास अलंकार छे. अनुप्रास एटले **"तुल्यश्रुत्यक्षरावृत्तिः अनुप्रासः स्फुरद्गुणः"** (वाग्भटालंकार श्लो. १७ चोथो परिच्छेद) अर्थात् जे काव्यमां सरखे सरखा पण भिन्न अर्थवाळा अक्षरोनी वारंवार आवृत्ति होय ते काव्यमां अनुप्रास अलंकार समजवो. एकने एक अक्षरोनी आवृत्ति होय तेनुं नाम तत्पद अनुप्रास अने नोखा नोखा अक्षरोनी आवृत्ति होय तेनुं नाम अतत्पद अनुप्रास. अतत्पद अनुप्रासने छेकानुप्रास कहेवामां आवे छे. अने तत्पद

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अनुप्रासने लाटानुप्रास कहेवामां आवे छे. आ पांचमा पद्यमां छेकानुप्रास छे.

"**विभावरीनाथ विभास्वभावा**" तथा "**वामेय मे कामितका तनुश्री**" आ बन्ने पादोमांना बीजा पादमां 'भा' अक्षरनी वारे वारे आवृत्ति थयेली छे. अने त्रीजामां एटले '**वामेय**' ए पादमां '**मे**' '**का**' अने '**त**' अक्षरनी आवृत्ति थयेली छे.

छठ्ठुं पद्य तो महायमक रूप छे, केमके एमां चारे पादो यमकमय छे. आवां यमकवाळां पद्योनी गणना चित्रकाव्यमां थाय छे. आवां पद्योमां विशेष करीने शब्दोनी चमत्कृति होय छे. अर्थनी तो खेंचाखेंच करवी पडे छे. तेम ए अर्थमां कोइ विशेष खूबी पण नथी आवती. आवां काव्यो शब्दप्रधान होय छे, एटले एमां शब्दनी ज चमत्कृति विशेष रीते ध्यान खेंचे एवी होय छे. आ पद्यो जोनार पंडित आ हकीकत विना प्रयासे समजी शके एम छे.

आ पद्योनी अवचूरि पण मळे छे. ए अवचूरि पण आ साथे ज दरेक श्लोकनी नीचे आपेली छे. एमां [ ] आवा कांउसमां जे मूकेलुं छे ते संपादके पोते शुद्धरूप बतावणा मूकेलुं छे. केमके अवचूरिमां लहियानी सरतचूकथी क्यांक अशुद्धि आवी गइ छे. गोळ कांउसमां एटले ( ) आ निशानमां जे लखाण छे ते पण संपादके लखेल छे. ते लखाण एटला माटे मूकेलुं छे के अर्थ समजनार पादना पदच्छेदनी बराबर समज अने क्यांक अर्थनी स्पष्टतानी पण गरज ए लखाण सारे छे.

त्रीजा पद्यमां मूळमां '**तारकाय**' एम बे ठेकाणे छे त्यां अवचूरिमां एक स्थळे '**तारण**' छे अने नीचेना स्थळे '**तारकार**' छे ए बराबर बंध बेसतुं नथी माटे त्यां स्पष्टता आपेली छे.

चोथा पद्यमां '**लसमाननन्द**' एवा पाठ छे. एनो अर्थ करतां अवचूरिकार '**अलसः**' एवो अर्थ आपे छे. भगवानने '**अलसः**' विशेषण बराबर बेसतुं नथी माटे संपादके '**लस**' एम सूचवेलुं छे छतां '**अलसः**' ने ज अहीं लगाडवुं होय तो '**अरस**' एम अर्थ करवो जोइए. '**अरसः**' एटले जेमने संसारनी प्रापंचिक प्रवृत्तिओमां रस नथी अथवा जेमणे रसना नो जय करेलो छे. चित्रकाव्यमां जेम 'व' अने 'ब' एक मनाय छे तेम 'र' अने 'ल' पण एक मनाय छे. पांचमा पद्यमां '**अबालभाल**' अने '**नवालभाल**' एमां 'व' अने 'ब' नी एकतानी नोंध आपेल छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आटली नोंध आ पद्यो माटे पूरती छे. अर्थो बराबर स्पष्ट थाय ए माटे संपादके दरेक पद्यमां ते ते शब्दो उपर नंबरो राखेला छे अने आ नंबरो दरेक पद्यमां जुदा जुदा मूकेला छे.

वाचको भगवान-वीतरागदेवनी भक्तिधारा पोतामां कोई विशेष गुणनी प्राप्ति माटे प्रयत्न करे एवी ज एक इच्छाथी आ पद्योने प्रकाशमां मूकुं छुं. प्रयत्न विना विशेष गुणनी प्राप्ति थती नथी अने एवा प्रयत्न माटे भक्ति एक निमित्त रूप छे.

तमालनीलच्छविपिच्छिलाङ्गः[१] सिद्धान्तमुद्रासहितो[२] मनोज्ञः ।
जीयाज्जिनेन्द्रः प्रभुपार्श्वनाथः सिद्धान्तमुद्रासहितो[३] मनोज्ञः[४] ॥१॥

१. पिच्छिलाङ्गः व्यासवपुः । २. सिद्धान्तमुद्रासहितः सिद्धान्तश्च मुच्च मुद्-हर्षः रा-दानम् , तेन सहितः प्रधानः । (अर्थात् सिद्धान्त-मुद्-रा एतैः सहितः)। ३. अन्तं मरणम् तस्य मुद्रा (अन्तमुद्रा) ता [ ताम् ] स्यति विनाशयति इति (सः अर्थात् अन्तमुद्रासः ) सिद्धः प्रसिद्धः अन्तमुद्रासो यस्य सः (अर्थात् सिद्ध-अन्तमुद्रा-सहितो) । ४. मनो वर्जितमुक्तत्वात् (?) ॥१॥

वरेण्यलावण्यनिधे ! विधेहि सदा महानन्दमहासुखानि[१] ।
प्रभावभङ्गीभरितत्रिलोक[२] ! सदामहानन्दमहासुखानि[३] ! ॥२॥

१. महानन्दमहासुखानि - परमपदसुखानि (महानन्दो मोक्षः निर्वाणम् "महानन्दोऽमृतं सिद्धिः कैवल्यमपुनर्भवः" देवाधिदेवकाण्ड श्लो-७४ अभिधानचिंतामणि) (कर्मपदम्) । २. प्रभावभङ्गीभरितत्रिलोक !-महिमाविलासभरितविश्व ! (प्रभावभङ्गी महिमाविलासः तेन भरितः त्रिलोकः येन सः, तस्य सम्बुद्धौ) । ३. सदामहानन्दमहासुखानि-सतां शिष्टानाम् ये आमाः रोगाः तान् हन्ति स सदामहा । आनन्दो हर्षः (महः)-उत्सवः तयोः असवः प्राणाः तेषां खानिः (सत्-आम-आनन्द-मह-असु-खानि) (एतदपि सम्बोधनैकवचनम्) ॥२॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[१]सद[२]र्थमुक्तोपम[३]तारकाय सुबन्धु[४]रारामजया[५]ङ्गसार ।
[६]सदर्थ[७]मुक्तोपम[८]तारकाय सुबन्धु[९]राराम[१०]जया[११]ङ्गसार ॥३॥

१. सदर्थः समर्थः । २. मुक्तोपमः । ३. तारण स्त्रीरहित (?) । ४. अङ्ग इति कोमलामन्त्रणे । ५. सा लक्ष्मीः तां राति ददाति (सार) । ६. सदर्थः सद्भिः अर्थ्यते । अथवा सन्तः रुचिरा अर्था भावा यस्य । ७. मुक्तोपमः लक्ष्मीरहितः मुक्तत्वात् । ८. तारं भास्वरं कारं (कायं) यस्य (स तारकाय) । ९. सुबन्धुः शोभनबान्धवः उपकारित्वात् । १०. अरीणां समूहः आरम् । आमा रोगाः । तेषां जयो यत्र (सुबन्धुः आर-आम-जय) । ११. अङ्गेन सारः प्रधानः (अङ्गसारः) ॥३॥

[१]सत्यागमासारवरङ्गनाना-[२]दराधिकान्तो [३]लुसमाननन्द ।
[४]सत्यागमा[५]सारव[६]रङ्गनाऽनादराधिकान्तो [७]लसमाननन्द ॥४॥

१. सत्यागमासारवरङ्ग । सत्यसिद्धान्तस्य (आ) सारो वर्षः तेन रम्यदेह । २. नानादराधिकान्तः-नानाभयाधिकानां मनःपीडानाम् अन्तो विनाशो यस्य (नाना-दर-अधिक-अन्त (दरःभयम्) । ३. देदीप्यमानदेह । ४. सत्याग - सदान (स-त्याग — त्यागेन-दानेन सहित) । ५. मासार श्रीवर (मा-लक्ष्मीः तस्याः सारः) । ६. वा(व)राङ्गनाः नायिकाः तासु अनादरः तेन अधिकतो रमणीयः (अधि-अधिकतः कान्तः रमणीयः । वराङ्गना-अनादर-अधि-कान्त)। ७. अलसश्चासौ मानश्च पूजा तेन नन्दति वर्धते सः [लसश्चासौ मानश्च पूजा] (लस-माननन्द) । लसः सुशोभः ॥४॥

गुरो [१]सदालोक [२]नबाल भाल विभावरीनाथविभास्वभाव ।
[३]वामेय [४]मे कामितका [५]तनु श्री-[६]गरो [७]सदा[८]लोकनवाऽऽलभाल ॥५॥

१. सत् प्रधानम् । आलोको ज्ञानं यस्य (सत्-आलोक) । २. गुरुललाटे चन्द्र-विभावत् स्वभावो यस्य निर्मलत्वात् (न बाल भाल-विभावरीनाथ-विभा-स्वभाव । न बाल अबाल अर्थात् गुरु, लाल-ललाट, विभावरीनाथ-चन्द्र) ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

३. (वामेय - वामातनय-पार्श्वप्रभो !। ४. मे मम, कामितका [कामितकम्] इष्टसुखम् )। ५. तनु-विस्तारय । ६. श्रीगरिष्ठ । ७. सदा नित्यम् । ८. लोकेभ्य: नव: स्तव्यो यस्य (लोक-नव, व-बयो: चित्रकाव्ये ऐक्यात् प्रथमपादे 'न बाल' इति अत्र च 'न वाऽऽल' इति ग्राह्यम् । 'नु स्तुतौ' इत्यस्मात् धातो:' नव: स्तव्य:- स्तवनम्) अलीनाम् इयं आला, आला चासौ भा च कान्ति: ता (ताम्) लाति गृह्णाति चमर (भ्रमर) कान्ति सदृश इत्यर्थ: (आल-भा-ल) ॥५॥

[१]कल्याणमालाकरणाधिहारी [२]कल्याणमालाऽकरणाऽऽधि[३]हारी ।
[४]कल्याणमालाऽ[५]करणाधि[६]हाऽरीकल्याणमा[७]ऽऽलाकर[८]णाऽधि [९]हारी ॥६॥

१. कल्याणश्रेणिकरणेन अधिहारी-रम्य: । २. स्वर्णस्य मा-लक्ष्मी: तस्या ला ग्रहणम् न करोति नीरागत्वात् । (कल्याण-मा-ला-अकरण) । ३. आधि: चित्तपीडा तां हरति इत्येवंशील: । आधि-हारी । ४. कल्य: प्रधान: आण: तं मलति धारयति कल्याणमाला: (कल्य-आण-माल) । ५. लं (अकम्) अदु:खं (दु:खम्) रण: सङ्ग्राम: तौ अधिजहाति । (अक-रण-अधिह-अकरणाधिह) । ६. अरिश्चासौ इ: काम: तस्य कल्यर्थं सङ्ग्रामार्थं आण: शब्द: सिंहनाद: तम् मनोति (मिनोति) विनाशयति स: (अरि-इ-कलि-आण-म — अरीकल्याणम) । ७. आलम् अलीकदानम् आ सामस्त्येन न किरति क्षिपति स (आल-आ-करण — आलाकरण) । ८. बुद्धिरहितं यथा भवति स: (अधि) । ९. हारधारी (हारी-हार: यस्य अस्ति हारी) वीतराग-त्वात् । (वीतरागो हारं धारयति तथापि तत् तस्य धारणम् , अधि-अनासक्तवृत्त्या अत एव अधि-बुद्धिरहितम्) ॥६॥

इत्थं स्तुतं [१]यमकैरवेन्दुं चारूपभूमिरमणीरमणीयहारम् ।
श्रीपार्श्वनाथजिनयं जिनपद्मयाऽऽढ्यं ध्यायामि भावसहितं
सहितं समन्तात् ॥७॥

१. यमानि एव कैरवाणि (यमा: महाव्रतानि)

(प्रेषक : आ. विजयप्रद्युम्नसूरि)

★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org